ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સેકટર-૨૭નો રંગમંચ તંત્રની બેકાળજીથી અવાવરૂ બન્યો

## પાણી અને વિજળી ઉપલબ્ધ નથી, ગંદકીના થર થકી અસંખ્ય મંકોડાઓથી રંગમંચ ઉભરાય છે



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં પ્રજાજનોને ઉપયોગી થઈ શકે તે હેતુથી અનેક સુવિધા તત્કાલીન સરકારે ઉભી કરી છે. પરંતુ જવાબદારોની બેકાળજીથી આ સરકારી સુવિધાઓ બિન ઉપયોગી બની ધુળ ખાઈ રહી છે તેવું જ સેકટર-૨૭ના રંગમંચમાં બનેલું છે.ગંદકી, અસુવિધા અને યોગ્ય માવજતના અભાવે આ પ્રજાલક્ષી સુવિધા અવાવરૂ બની ગઈ છે. જરૂરિયાત મંદ લોકો સરકારની આ સુવિધા ઓછા ખર્ચે પ્રાપ્ત ન કરી શકતાં નિસાસા નાંખી રહ્યા છે અને જવાબદારો વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં જરૂરિયાતમંદ તેમજ આર્થિક રીતે અસમક્ષ નાગરિકો પોતાના ત્યાં આવતા પ્રસંગો ઓછા ખર્ચે કરી શકે તે હેતુથી સેકટરોમાં રંગમચની સુવિધા જે તે સમયની સરકારે ઉપલબ્ધ કરાવી છે. પરંતુ તંત્રના જવાબદાર અધિકારીઓની આળસ અને બેકાળજીથી આ સરકારી સુવિધાઓ અવાવરૂ બની બિનઉપયોગી થઈ ગઈ છે. સેકટર-૨૭માં આવેલ રંગમંચની પણ આવી જ દુર્દશા થઈ ગઈ છે. હાલ આ રંગમંચમાં કોઈ પણ પ્રસંગ કરવો હોય તો જે તે પ્રસંગ કરનારે ખર્ચ કરીને સાફસફાઈ, લાઈટ, પાણીની વ્યવસ્થા જાતે કરીને થઈ શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સેકટર-૨૭ રંગમંચ ઝાડી ઝાંખળા થકી ઢંકાઈ જઈ કદરૂપો ભાસી રહ્યો છે તેમજ અસંખ્ય મંકોડાઓએ અહીં ઘર બનાવી દીધું છે. તેમજ પાણી માટે મુકેલ ટાંકી સાફ સફાઈના અભાવે ગંદી બની છે. લાઈટ ચાલુ કરવાના બોર્ડ તુટી ફુટી જઈ બિન ઉપયોગી બની ગયા છે અસહ્ય ગંદકીના થર અને નિયમિત જાળવણીનો અભાવ અહીં પ્રથમ નજરે જ દેખાઈ રહ્યો છે. સેકટર-૨૭ તથા આજુબાજુના સેકટરોના પ્રજાજનો તંત્રની આ બેદરકારીથી ત્રસ્ત બન્યા છે અને રંગમંચ ઢોર ઢાંખરનો વિસ્તાર બની ગયો છે તેની કોઈ જ હદ બાંધવામાં આવી નથી.

આ રંગમંચની જેને જવાબદારી સોંપાઈ છે તે અધિકારી વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી સરકારી મિલકતોની સંભાળ ન રાખી પ્રજાજનોના નાણાં વેડફાવા માટે ધારા ધોરણ મુજબ વિજલન્સ કાર્યવાહીની પણ જોરદાર માંગ પ્રજાજનોએ કરી છે.

# સરકારી આવાસો સંદર્ભે માર્ગ મકાન મંત્રીએ વિગતો મંગાવી!

## શહેરમાં સ્થિત આવાસોના મજબૂતીકરણ અને ઉપયોગ સહીતની માહિતી આખરી કરવા તંત્રની મથામણ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો અંગે સઘળી માહિતી એકત્રિત કરી ડેટા તૈયાર કરવામાં આવશે. જેમાં આવાસોનો ઉપયોગ ઉપરાંત મજબૂતીકરણની દ્રષ્ટિએ થયેલી કામગીરીનો પણ તાગ મેળવવામાં આવશે. માર્ગ મકાન મંત્રી કક્ષાએથી સરકારી આવાસોની તમામ વિગતો મંગાવવામાં આવી છે.

શહેરના જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના ૧૬,૩૦૦ જેટલા સરકારી આવાસો છે જયારે દાયકાઓ જૂના આ આવાસો પૈકી ઘણા ખરા નિકાલ હેઠળના તેમજ ભયજનક મકાનો પણ અસ્તિત્વ ધરાવે છે. જો કે થોડા સમય અગાઉ જ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાતા વર્ષો જૂના પ્રશ્નોનો ટૂંકમાં હવે નિકાલ થશે આ ઉપરાંત સરકારી આવાસોને અનુલક્ષી તબક્કાવાર મજબૂતીકરણની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. જે અન્વયે અત્યાર સુધી ૪૦ ટકા આવાસોનું મજબૂતીકરણ પૂર્ણ થયું હોવાનો પણ અંદાજ છે. જયારે સરકારી આવાસોના ઉપયોગમાં હેતુફેર થતો હોવાની સાથે બિનઅધિકૃત વસવાટ અંગેની ફરિયાદો પણ સમયાંતરે ઉઠવા પામે છે જેની સામે પણ તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નિકાલ હેઠળના આવાસો તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ હવે શહેરમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણ હેઠળ થયેલી કામગીરી ઉપરાંત આવાસોની સ્થિતિ અને તેના ઉપયોગ સંબંધિત તમામ માહિતી એકત્રિત કરવામાં તંત્ર લાગી ગયું છે. માર્ગ મકાન મંત્રી કક્ષાએથી પણ આ અંગેની જરુરી માહિતી પુરી પાડવા વિભાગને સૂચવાયું છે.



હોબાળો - સેક્ટર-૨૧ જીમખાનામાં રમત-ગમતની તાલીમ મેળવી રહેલા બાળકોના વાલીઓને પ્રવેશ ન આપતા ગુરૂવારની સાંજે વાલી વર્ગે પ્રવેશ માટે હોબાળો મચાવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# અસહ્ય બફારાથી નગરજનો ત્રાહિમામ

ગાંધીનગર, તા.૨૧

શ્રાવણ માસની શરૂઆતના દિવસોમાં વરસાદ પડયા બાદ બંધ થઈ ગયેલો વરસાદ હજુ સુધી ડોકાયો નથી. વાદળો પણ કયાયં ન દેખાતા છેલ્લા કેટલાક દિવસોથી બફારાએ હદ વટાવી છે. ભેજનું પ્રમાણ ઉચું રહેતા આખો દિવસ અને રાત્રે પણ ખુબ બફારો અનુભવાય છે.

ઉનાળો શરુ થયો હોય તેવી આકરી ગરમી અને બફારો છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહ્યો છે. દિવસે બહાર નીકળોતો પરસેવો એટલો બધો થાય છે કે હેરાન થઈ જવાય એ.સી. અને પંખા દિવસ-રાત ફૂલ સ્પીડે ચલાવવા પડે છે. ગુરુવારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. રહ્યું હતું જયારે ભેજ સવારે ૭૮ ટકા અને સાંજે ૫૩ ટકા રહ્યો હતો.

# વજુભાઈ વાળાની રાષ્ટ્રીય કક્ષાએ નિમણુંક

ગાંધીનગર, તા.૨૧

લોકસભાના અધ્યક્ષ શ્રીમતી સુમિત્રા મહાજન અને હોદ્દાની રૂએ ઓલ ઈન્ડિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રીએ શ્રી વજુભાઈ વાળા, અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાની સ્ટેન્ડીંગ કમિટી અને ફોલો અપ સબ કમિટીમાં સભ્ય તરીકે નિયુકિત કરી છે આ એક ઉચ્ચતમ પ્રકારની સમિતિ છે.

સ્ટેન્ડીંગ કમિટિ ઉપરાંત ફોલો અપ સબ કમિટીમાં સભ્ય તરીકે સભ્ય નિયુકતી કરીને અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાના દીર્ઘકાલીન સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓ પરના જ્ઞાન અને અનુભવની કદર કરી છે. તેથી શ્રી વાળાની પ્રશ્નકાળની કાર્યવાહીને ખોરવતી સમસ્યાઓની સમિતીના સભ્ય તરીકે પણ નિમણુંક કરવામાં આવી હતી.

દેશની સંસદીય કામકાજને સંભાળતી ઉચ્ચતમ પ્રકારની સમિતિમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીને આપવામાં આવેલું સ્થાન ગુજરાત માટે ગૌરવરૂપ છે.

# ભાજપના ઉમેદવારોની યાદીને આજે આખરી ઓપ અપાશે

ગાંધીનગર, તા.૨૧

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે મળનારી બેઠકમાં પેટા ચૂંટણી માટે સંભવીત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે મળનારી બેઠકમાં ગુજરાતની બરોડા લોકસભા બેઠક તેમજ વિધાનસભાની ખાલી પડેલી નવ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ પેટા ચૂંટણી માટે નિમવામાં આવેલા નિરીક્ષકો તેમનો અહેવાલ પ્રદેશ નેતાગીરીને આપશે અને પાર્લામેન્ટરી બોર્ડમાં આ અહેવાલ પર અને સૂચવેલા સંભવિત નામો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા વિધાનસભાની નવ બેઠકો માટે સંભવિત ઉમેદવારોના ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે અને આ પેનલ યાદી ભાજપના મોવડી મંડળને સુપરત કરવામાં આવશે.

ભાજપ મોવડી મંડળ પ્રદેશ નેતાગીરી સાથે ચર્ચા કરીને બરોડા લોકસભા બેઠક માટે અને વિધાનસભાની નવ બેઠકો માટેના ઉમેદવારોના નામો પર ચર્ચા કરી આખરી ઉમેદવારોના નામોની પસંદગી કરીને આગામી સપ્તાહમાં જ ઉમેદવારોના નામોની જાહેરાત દિલ્હીથી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# ભાજપ વિધાનસભા પક્ષની ૨૬મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૧

ભાજપ વિધાનસભા પક્ષની આગામી મંગળવારના રોજ મળનારી બેઠકમાં પેટા ચૂંટણીઓમાં ભાજપને જીતાડવા માટે મંત્રીઓ ધારાસભ્યોને જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતની બરોડા લોકસભા બેઠક ઉપરાંત વિધાનસભાની ડીસા, જામખંભાળીયા, ટંકારા, માંગરોળ, માતર, મણીનગર, તળાજા સહીત કુલ નવ બેઠકો ખાલી પડતાં આ બેઠકોની પેટા ચૂંટણીઓ જાહેર થઈ છે.

આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ પેટા ચૂંટણીઓ યોજાનારી હોઈ આ પેટા ચૂંટણીમાં ભાજપને જીતાડવા માટે ભાજપ દ્વારા કમર કસવામાં આવી રહી છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૬મીને મંગળવારના રોજ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં ભાજપ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનારી છે.

આ બેઠકમાં મંત્રીઓ અને ધારાસભ્યોને પેટા ચૂંટણીઓમાં ભાજપને જીતાડવા અંગે માર્ગદર્શન આપીને વિધાનસભા બેઠકોની જવાબદારીઓ સોંપવામાં આવશે અને ધારાસભ્યો મંત્રીઓને તેમને ફાળવેલ વિધાનસભા બેઠકમાં ચૂંટણી સુધી રહેવા અને ભાજપના ઉમેદવાર માટે ચૂંટણી પ્રચાર કરવા માટેની પણ જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે પ્રથમ ઈન્ડસ્ટ્રી ઓપન હાઉસ

## દેશની ટોચની કંપનીઓ ઓપન હાઉસમાં જોડાશે ૨૩મીએ આયોજિત ઓપન હાઉસ બેઠક ઉપયોગી હશે

ગાંધીનગર, તા.૨૧

આઈઆઈટી ગાંધીનગર દ્વારા ૨૩ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ તેના પ્રથમ ઈન્ડસ્ટ્રી ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈન્ડસ્ટ્રી ઓપન હાઉસમાં દેશની જાણીતી કંપનીઓ ભાગ લેશે. આ કાર્યક્રમનો હેતુ આઈઆઈટી ગાંધીનગરની કંપનીઓ સાથે સંવાદ અને આંતરક્રિયા વધારવાનો છે. આ કાર્યક્રમમાં આઈઆઈટી ગાંધીનગર તેની ક્ષમતા, શ્રેષ્ઠતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રેઝન્ટેશન, પોસ્ટર, લેબોરેટરી મુલાકાત, વિચારો, સાધનો અને પ્રોડક્ટના પ્રદર્શન દ્વારા બતાવશે.

આ ઉપરાંત સંસ્થાની ફેકલ્ટી, સ્ટાફ અને વિદ્યાર્થીઓ, કરીયર ડેવલપમેન્ટ સર્વિસના કન્વીનર વગેરે સાથે મુલાકાતીઓ ચર્ચા કરી શકશે. આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર સુધીર કે જૈને કહ્યું હતું કે, આઈઆઈટી ગાંધીનગર તેના ઈન્ડસ્ટ્રી સાથેના સંબંધોને મુલ્યવાન ગણે છે. અમારી ઘણા કંપનીઓ સાથે મજબુત ભાગીદારી છે. ઈન્ડસ્ટ્રી ઓપન હાઉસ આ સંબંધો વધુ મજબુત બનાવશે અને નવા વિચારો અને તકો ઉભી કરશે.

# ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ કાર્યક્રમને સફળ બનાવવા વિભાગોને સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૨૧

રાજય સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ કાર્યક્રમને સાકાર કરવા માટે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના સર્વાંગી વિકાસ સાધવા માટે રાજય સરકાર દ્વારા તમામ વિભાગોની કામગીરી અંગે ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ નો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો છે.

દરેક વિભાગોને ૧૦૦ દિવસના લક્ષ્યાંકો નક્કી કરીને તેને સિધ્ધ કરવાની કામગીરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

તાજેતરમાં રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવોને પ્રભારી જિલ્લાની મુલાકાત લે તે સમયે ગતિશલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ કાર્યક્રમમાં સમાવવામાં આવેલી બાબતોની જિલ્લા કક્ષાએ શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેની સમીક્ષા કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

# ટાઉનહોલના રીનોવેશનની દરખાસ્ત ફાઈલોમાં અટવાઈ છે

## લાંબા સમયના અંતે પણ હજુ ડીઝાઈન પણ તૈયાર થઈ નથી



ગાંધીનગર, તા. ૨૧

ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ હજી પણ કાગળ પર અટવાયેલો છે. લાંબા સમયથી ટાઉનહોલ જાળવણીના અભાવે કંગાળ હાલતમાં છે. ત્યારે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ આ મામલે નિરસતા દાખવતા રીનોવેશનના પ્રોજેક્ટ સંદર્ભે હજુ ડીઝાઈન પણ આખરી થઈ શકી નથી.

સે. ૧૭ માં સ્થિત શહેરનો એકમાત્ર ટાઉનહોલ છેલ્લા ત્રણ વર્ષથી કંગાળ હાલતમાં છે. ટાઉનહોલની સંકડાશભરી બેઠક વ્યવસ્થા, ખાડે ગયેલી સ્ટેજની સુવિધા તેમજ બિનઉપયોગી એ.સી. પ્લાન્ટના લીધે શ્રોતાઓ માટે કાર્યક્રમમાં હાજરી આપવાનું કસોટીરૂપ બન્યું છે. સાઉન્ડ સિસ્ટમ અને લાઈટીંગની વ્યવસ્થા પણ બદતર હાલતમાં હોવાથી કલાકારોમાં પણ ઘોર નારાજગી વ્યાપી છે. આવા સંજોગોમાં ટાઉનહોલમાં કાર્યક્રમનું આયોજન કરવું આયોજકો માટે પૈસા ખર્ચીને મુસીબત ઉભી કરવા સમાન બન્યું છે. મોટા સરકારી કાર્યક્રમ વેળાએ પણ ટાઉનહોલની દુવિધાઓ સંતાડવા અધિકારીઓને ઘણીવાર રાતવાસો કરવો પડે છે. આમ છતાં ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ હજુ કાગળ ઉપર પણ આખરી થઈ શક્યો નથી. લાંબા સમયના અંતે પણ રીનોવેશનની કામગીરીના આયોજન સંદર્ભે ડીઝાઈન તૈયાર થઈ નથી જેના પરિણામે આગળની કાર્યવાહી પણ અટવાઈ પડી છે. અલબત્ત ટાઉનહોલને દુવિધાયુક્ત કરવા ઉપરાંત હોલની સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ અને બેઠક વ્યવસ્થા સહીતની સુવિધાઓ અદ્યતન કરવા વિવિધ ૧૨ મુદ્દાઓને ધ્યાને લેવામાં આવ્યા છે. પરંતુ લાંબા સમયથી રીનોવેશનની ફાઈલ ડેડ હાલતમાં છે.

# સેક્ટર-૨૪માં સી.સી. રોડ બનાવવાનું કામ ટુંકમાં શરૂ થશે

## ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ : ૧.૭૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૧

સે. ૨૪ અને ૨૫માં સી.સી. રોડ બનાવવાનું કામ ટુંકમાં શરૂ થશે. આ મામલે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવતા શ્રીનગર, હરસિધ્ધનગર અને સૂર્યનારાયણ સોસાયટીમાં નવા રસ્તા બનશે.

સે. ૨૪ માં દાયકાઓના અંતે માળખાગત સુવિધાના નામે મીંડુ છે. ત્રણ દાયકાના અંતે સેકટરોમાં સ્ટ્રીટલાઈટના થાંભલા ફીટ કરવામાં આવ્યા છે. જ્યારે હવે સ્ટ્રીટલાઈટની સાથે સોસાયટીઓમાં નવા સી.સી. રોડ બનાવવાનું કામ પણ હાથ ધરવામાં આવશે. સે. ૨૪ અને ૨૫ માં શ્રીનગર, હરસિદ્ધનગર અને સૂર્યનારાયણ સોસાયટીમાં સી.સી. રોડ બનાવવા તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર આખરી થતા કામ શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૧.૭૫ કરોડનો ખર્ચ થશે. જેના અંતે લાંબા સમયના અંતે સેક્ટરવાસીઓને રોડનેટવર્કની સુવિધા ઉપલબ્ધ થશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મેડીકલ કોલેજનું પ્રથમ વર્ષનું પરિણામ ૮૫ ટકા આવ્યું છે જે યુનિ.ના પરિણામ કરતાં ૩ ટકા ઉંચુ છે
- આજે ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસા તાલુકાની ચિંતન શિબિર અલુવા હિલ્સમાં યોજાઈ હતી. જ્યારે ગાંધીનગર અને દહેગામ તાલુકાની ચિંતન શિબિર નભોઈ ખાતે યોજાશે.
- ગાંધીનગર જિલ્લા રોગી કલ્યાણ સમિતિની મહત્વની બેઠક આજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે મળનાર છે.
- જિલ્લા કક્ષાની બેંકર્સની બેઠક પણ આજે કલેકટરશ્રી રવિશંકરના અધ્યક્ષપદે મળશે.
- શહેરના જાણીતા વેપારી શ્રી જ્યોતિન્દ્રભાઈ વ્યાસના બનેવી અને જાણિતા એડવોકેટ ઉદય ધોળકીયાનું હૃદયરોગના હુમલામાં અવસાન થતાં વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે.
- જૈનોના પવિત્ર પર્વ પર્યુષણનો પ્રારંભ આજથી થઈ રહ્યો છે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com